# આજે વડાપ્રધાન નરેન્દ્ર મોદી કચ્છની મુલાકાતે

## મોદીને કચ્છી દાબેલી સહિત વાનગી ભોજનમાં પીરસાશે

પીએમ મોદી મંગળવારે એક દિવસના ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ વખતે તેઓ કચ્છ વિસ્તારની મુલાકાત લેશે. પ્રધાનમંત્રી મોદીની કચ્છ મુલાકાતને પગલે સુરક્ષાનું રિહર્સલ કરવામાં આવ્યું છે. બીજી તરફ સુરક્ષાને ધ્યાનમાં રાખીને એસપીજીએ કચ્છમાં ધામા નાખ્યા છે. પીએમ મોદી અહીં વિવિધ વિકાસલક્ષી કાર્યોનો શિલાન્યાસ કરશે. એવી પણ માહિતી મળી છે કે પીએમ મોદીને ભોજનમાં કચ્છી વાનગીઓ પણ પીરસવામાં આવશે. પીએમ મોદી આવતીકાલે એટલે કે મંગળવારે કચ્છ આવી રહ્યા છે ત્યારે તેમને ભોજનમાં કચ્છી વાનગી પીરસવામાં આવશે. ધોરડો ખાતે પીએમ મોદી માટે ગુજરાતી થાળી, ઉપરાંત અડદિયા, ગુલાબપાક, કચ્છના સમોસા અને દાબેલી પીરસવામાં આવશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે ભોજનની વ્યવસ્થા માટે એક ખાસ પાર્ટીને ઓર્ડર આપવામાં આવ્યો છે. વડાપ્રધાન મોદીની મુલાકાતને પગલે તંત્રને સજ્જ કરી દેવામાં આવ્યું છે. સુરક્ષાને ધ્યામાં રાખીને ભુજથી ધોરડો જતા માર્ગે પોલીસ ખડકી દેવામાં આવી છે. આ ઉપરાંત પ્રસિદ્ધ કાળા ડુંગર સ્થાનકે પણ સુરક્ષા એજન્સીઓનો કાફલો પહોંચી ગયો છે. ધોરડોના સફેદ રણમાં કાર્યક્રમ માટે વિશાળ ડોમ ઊભો કરવામાં આવ્યો છે. સુરક્ષાને લઈને રણમાં ચોતરફ પોલીસ, એસપીજી સહિતની સુરક્ષા વ્યવસ્થા ગોઠવાવામાં આવી છે. વડાપ્રધાન મોદી માત્ર પાંચ કલાક માટે જ કચ્છ આવી રહ્યાં છે. આવતીકાલે વડાપ્રધાન દિલ્હીથી ૧૧:૩૦ વાગ્યે કચ્છ આવવા રવાના થશે. બપોરે દોઢ વાગે તેઓ કચ્છના ભૂજ એરપોર્ટ પહોચશે. અહીંથી હેલિકોપ્ટર મારફતે માંડવી પહોચશે. જે બાદ અહીં પીએમ મોદી કેટલીક વિકાસલક્ષી પરિયોજનાનો શિલાન્યાસ કરશે. આ વિવિધ વિકાસલક્ષી પ્રોજેક્ટમાં ડિસેલિનેશન પ્લાન્ટ, હાઈબ્રિડ રિન્યૂએબલ એનર્જી પાર્ક અને સંપૂર્ણપણે ઓટોમેટિક મિલ્ક પ્રોસેસિંગ એન્ડ પેકિંગ પ્લાન્ટનો સમાવેશ થાય છે. પીએમ મોદી સાંજે સાડા પાંચ વાગ્યે સફેદ રણનો નજારો પણ માણશે. પીએમ મોદી મંગળવારે ગુજરાતના કચ્છના ધોરડોની મુલાકાત લેશે.





**ગુજરાતની ગૌરવ સિદ્ધિમાં વધુ એક નવું પ્રકરણ આલેખશે : વિશ્વના સૌથી મોટા ૩૦ હજાર મેગાવોટના અલ્ટ્રા મેગા હાઇબ્રીડ પાર્કનો શિલાન્યાસ કરશે**

ભારતના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી તા. ૧૫ ડિસેમ્બર, મંગળવારે કચ્છના એક દિવસીય પ્રવાસે આવશે. વડાપ્રધાન કચ્છના માંડવી ખાતે ડિસેલિનેશન પ્લાન્ટ તેમજ વિશ્વના સૌથી વિશાળ રિન્યુએબલ એનર્જી પાર્કનું કચ્છના ટેન્ટ સિટી, ધોરડોથી મંગળવાર બપોરે ૨ કલાકે ખાતમૂર્હુત કરશે. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી પ્રધાનમંત્રી સાથે આ અવસરે ઉપસ્થિત રહેવાના છે. વડાપ્રધાન ભુજ એરપોર્ટથી સીધા ધોરડો પહોંચશે અને દરિયાના પાણીને મીઠા બનાવવાના કચ્છના ગુંદિયાળી સહિત સૌરાષ્ટ્રના ગાંધીવી-દ્વારકા, ઘોઘા-ભાવનગર, સુત્રાપાડા-સોમનાથ મળીને ચાર ડિસેલીનેશન પ્લાન્ટનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કરશે.

## ખારા પાણીને પીવાલાયક બનાવતા પ્લાન્ટનું ભૂમિપૂજન

વડાપ્રધાન કચ્છના માંડવી ખાતે ડિસેલિનેશન પ્લાન્ટ તેમજ વિશ્વના સૌથી વિશાળ રિન્યુએબલ એનર્જી પાર્કનું કચ્છના ટેન્ટ સિટી, ધોરડોથી મંગળવાર બપોરે ૨.૦૦ કલાકે ખાતમૂર્હુત કરશે. મુખ્યમંત્રી વિજય રૂપાણી પ્રધાનમંત્રી સાથે આ અવસરે ઉપસ્થિત રહેવાના છે. વડાપ્રધાન ભુજ એરપોર્ટથી સીધા ધોરડો પહોંચશે અને દરિયાના પાણીને મીઠા બનાવવાના કચ્છના ગુંદિયાળી સહિત સૌરાષ્ટ્રના ગાંધીવી-દ્વારકા, ઘોઘા-ભાવનગર, સુત્રાપાડા-સોમનાથ મળીને ચાર ડિસેલીનેશન પ્લાન્ટનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કરશે. પ્રધાનમંત્રી કચ્છ સરહદે મોટા રણમાં સૌરઊર્જા અને પવનચક્કીથી ઉભા થનારા વિશ્વના સૌથી મોટા ૩૦ હજાર મેગાવોટની ક્ષમતાના હાઈબ્રીડ એનર્જી પાર્કનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન પણ કરશે. તેઓ સરહદ ડેરી દ્વારા અંજાર ભચાઉ વચ્ચે ઉભા કરાનાર બે લાખ લીટર દૂધના ચિલિંગ પ્લાન્ટનું ભૂમિપૂજન પણ કરવાના છે. ધોરડો ખાતે વડાપ્રધાન કચ્છના પ્રગતિશીલ ખેડૂતોને અને કચ્છ સરહદે ખેતી કરતા પંજાબી ખેડૂતોને મળી તેમને સાથે વાર્તાલાપ કરશે અને કચ્છના હસ્તકલા કારીગરોને પણ મળશે. પ્રધાનમંત્રી ટેન્ટસિટીમાં રણ વચ્ચે ઉભા કરાયેલા વિશાળ ડોમમાંથી આ બધા વિકાસ કાર્યોનું વર્ચ્યુઅલ ભૂમિપૂજન કરશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતિમાં કચ્છના ધોરડો ખાતેથી રાષ્ટ્રીય કિસાન વિકાસ યોજના અંતર્ગત કચ્છ જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. દ્વારા અંદાજે ૧૨૯ કરોડથી વધુના ખર્ચે સ્વંય સંચાલિત ડેરી પ્લાન્ટની ડિજિટલ માધ્યમથી ભૂમિપૂજન વિધિ સંપન્ન કરશે. અત્રે નિર્દેશ કરવો જરૂરી છે કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ગુજરાતના તત્કાલિન મુખ્યમંત્રી હતા ત્યારે રાજ્ય સરકાર દ્વારા ૮.૩૭ કરોડની સહાયથી કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં બે લાખ લીટરના પ્રોસેસીંગ ક્ષમતાનો પ્રથમ ડેરી પ્લાન્ટ સ્થાપવામાં આવ્યો હતો.



## ખૂણેખાંચરેથી



- ઠંડીનું જોર વધતાં નગરમાં શરદી, ખાંસી અને સળેખમના દર્દીઓની સંખ્યા વધવા પામી છે.
- ગાંધીનગર શહેર અને જિલ્લામાં આકાશ વાદળછાયુ છેલ્લા ત્રણેક દિવસથી રહેતુ હોવાથી ખેડૂતોમાં ચિંતાની લાગણી ઉભી થઈ છે.
- સેક્ટરોને ફરતી કમ્પાઉન્ડ વૉલનું કામ અડધુ અને અધુરૂ છોડવામાં આવતુ હોવાની વાતને લઈ ફરિયાદો ઉઠવા પામી છે.
- ગાંધીનગર જિલ્લા માટે ભાજપે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી માટે હર્ષદભાઈ પટેલ (રાણીપ) અને બળવંતસિંહ રાજપૂતને ઈન્ચાર્જ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે.
- કોંગ્રેસ પક્ષે ૮ મહાનગરો માટે ‘‘હેલો’’ અભિયાન શરૂ કરવાનો નિર્ણય કર્યો છે.
- છેલ્લા છ માસમાં આજે પહેલીવાર એક પણ મૃતદેહ કોરોનાગ્રસ્ત દર્દીનો મુક્તિધામ ખાતે અગ્નિસંસ્કાર માટે ગયો નથી.
- કોરોના વેક્સીનેશન અંગે જિલ્લાના તમામ પ્રા.આ. કેન્દ્રોના તબીબોને આજે જી.એમ.ઈ.આર.એસ.ના ઓડિટોરિયમમાં તાલિમ આપવામાં આવશે.

## ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં આકરી ઠંડી પડશે

ડિસેમ્બરના અંતિમ સપ્તાહમાં ગાત્રો થીજવતી ઠંડી માટે તૈયાર રહેવુ પડશે. જાણીતા હવામાન શાસ્ત્રી અંબારામ દા. પટેલે આગાહી કરી છે કે હવેના દિવસોમાં વાતાવરણમાં વ્યાપક ફેરફાર આવશે અને ઠંડીનો પારો ૧૦ ડિગ્રીથી નીચે થઈ શકે છે. ડિસેમ્બરમાં આવનાર દિવસોમાં હવે ઠંડી ધીરે ધીરે વધવાની શક્યતા રહે. ૧૬થી ૧૮માં ઠંડી વધે અને ૧૭ થી ૨૦ ડિસે. સુધીમાં ક્યાંક હળવુ માવઠુ પણ થઈ શકે. ૨૦ ડિસેમ્બરથી દેશના ઉત્તરીય પર્વતીય પ્રદેશોમાં ભારે હિમવર્ષાની શક્યતા રહે અને તા. ૨૨ ડિસેમ્બરથી હિમાલયના ટોચના ભાગો બર્ફીલા બને અને ૨૨ ડિસેમ્બરથી ૩૦મી ડિસેમ્બર દરમ્યાન ગાત્રો થીજવતી ઠંડી પડવાની શક્યતા રહે. કેટલાક ભાગોમાં ન્યૂનત્તમ ૮ ડીગ્રી સેલ્સીયસથી પણ નીચુ જવાની શક્યતા રહે. ઠંડી અંગે જોતાં અમદાવાદ, ડીસા, સાણંદ, ખેડા, રાજકોટ અને કેશોદમાં ૨૨ ડિસેમ્બર બાદ ન્યૂનત્તમ તાપમાન ૧૦ ડીગ્રી સેલ્સીયસની આસપાસ રહેવાની શક્યતા રહે.

નલીયા ભૂજ, પાલનપુર, ડીસાના ભાગો, ગાંધીનગર, વલસાડના ભાગોમાં ૮ ડિગ્રી સેલ્સીયસ લઘુત્તમ તાપમાન રહેવાની શક્યતા રહે. બનાસકાંઠા, સાબરકાંઠા, મહેસાણા, હારીજ, સમી, બેચરાજી, પાટણ, સુરેન્દ્રનગરના ભાગોમાં ન્યૂનત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સીયસ આસપાસ રહેવાની શક્યતા રહે. જૂનાગઢના ગીરનાર વગેરે ભાગોમાં લઘુત્તમ તાપમાન ૮ ડિગ્રી સેલ્સીયસથી પણ નીચુ રહેવાની શક્યતા રહે. ઉત્તર સૌરાષ્ટ્રના કેટલાક ભાગોમાં લઘુત્તમ તાપમાન ૧૦ ડિગ્રી સેલ્સીયસ આસપાસ રહેવાની શક્યતા રહે. વળી આવનાર ડિસેમ્બરના દિવસોમાં જમ્મુ-કાશ્મીરના ભાગોમાં સૂન્ય ડીગ્રી સેલ્સીયસથી પણ નીચુ, હરીયાણા, પંજાબ, દિલ્હી, રાજસ્થાન વગેરેના ભાગોમાં ન્યૂનત્તમ તાપમાન ૫ ડિગ્રી સેલ્સીયસ જવાની શક્યતા રહે. વિદર્ભના ભાગોમાં સખત ઠંડી પડે. ઉત્તર ભારત, રાજસ્થાનના કેટલાક ભાગોમાં કમોસમી વરસાદની શક્યતા રહે અને ધુમ્મસ પણ થવાની શક્યતા રહે. ગુજરાતના ભાગોમાં પણ સવારે ધુમ્મસ હવામાન રહેવાની શક્યતા રહે. જાન્યુઆરી તા. ૨૨ બાદ ગાત્રો થીજવતી ઠંડી પડે.

## અન્ય મહાનગરો સાથે ગાંધીનગરની પણ સામાન્ય ચૂંટણી યોજવા પિન્કી પટેલની માંગ

ગાંધીનગર મહાનગર પાલિકાની સામાન્ય ચૂંટણીઓ પણ અન્ય મહાનગરોની સાથે યોજી અને સમય, પૈસા સહિતનો બચાવ કરવામાં આવે તેવી માંગ કોંગી કાઉન્સીલર પિન્કીબેન પટેલે જિલ્લા કલેક્ટરને પત્ર લખીને કર્યો છે. જિલ્લા કલેક્ટરને લખેલા પત્રમાં શ્રીમતિ પટેલે જણાવ્યુ છે કે અન્ય મહાનગરોમાં ફેબ્રુઆરીમાં સામાન્ય ચૂંટણીઓ યોજવાની વાત ચાલી રહી છે. એક-બે મહિના પછી ગાંધીનગર મનપાની મુદત પણ પૂર્ણ થાય છે. તો આટલા ટુંકાગાળાને વેવ કરી બધા જ મહાનગરો સાથે સામાન્ય ચૂંટણી યોજવી જોઈએ તેમ હું સ્પષ્ટ માનુ છુ. સામાન્ય ચૂંટણી માટે અલગ વ્યવસ્થા કરી સરકારની તિજોરી પરનું ભારણ વધારવુ જોઈએ નહિ. ગાંધીનગર મહાનગરપાલિકામાં હાલમાં ભાજપ પાર્ટીનું શાસન ચાલુ છે. ગાં.મ.ન.પા.માં હાલમાં નવો વિસ્તાર સમાવેશ કરવાના કારણે સીમાંકનમાં ફેરફાર કરવાનો થાય છે, જેમાં ફેરફાર કરવા માટે લગભગ સપ્ટેમ્બર-૨૦૨૦થી તેની કમિશનરશ્રી, ગાં.મ.ન.પા. દ્વારા શરૂઆત પણ કરી છે. પરંતુ ગાં.મ.ન.પા.નાં સત્તાધીશોનો એકબીજા પ્રત્યેનો અહમ ટકરાઈ રહ્યો છે. જેના કારણે સીમાંકનમાં પોતાને મનગમતા ફેરફારો કરી પોતાની પાર્ટીમાં રહેલ વિરોધીઓને કેવી રીતે હરાવી શકાય તે માટેની ગોઠવણ કરવા માટે જે રીતે સમય પસાર કરવામાં આવી રહ્યો છે, તે લોકશાહી માટે ઘણું જ શરમજનક છે. જેમને પ્રજાના કામો નથી કર્યા અને હવે સીમાંકનનો આશરો લઈ જીતવાનો અને સત્તા લાવવાનો કારશો કરી રહ્યા છે. જે આ અગાઉ પણ વર્ષ-૨૦૧૧ અને ૨૦૧૬માં પણ ભાજપના ઈશારે જ કરવામાં આવ્યું હતું. તેમ છતાં તેમાં તે ફાવ્યા નથી. અમારી આ બાબતે આપ સમક્ષ માંગણી છે કે ભાજપ પાર્ટીના અહંકારી નેતાઓના ઈશારે ચૂંટણી પ્રક્રિયાને લેટ ન કરવી જોઈએ. ચૂંટણીઓ પ્રજાના હિતમાં લોકશાહી ઢબે જ થવી જોઈએ.


